RIGHT TO INFORMATION

અપીલ અરજી નં. ૫૪૪,તા.૪–૧–૧૧
ફોન નં. ૦૨૬૧ ૨૪૨૩૭૫૧/૫૧૮

અરજદારઃ – શ્રી પંકજભાઈ પાટીલ
સામાવાળાઃ– એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (ઉધનાઝોન)

**ફરીયાદની હકીકતઃ–**

વિષય :– આરટીઆઈ એકટ હેઠળ શ્રી પંકજભાઈ પાટીલની તા. ૨૦–૦૯–૧૧ની અરજીથી પ્લોટ નં.૪૧–ગુરુનગર અને સાંઈમેડિકલ સ્ટોર, ગુરુનગર મેઈન રોડ, સુરતની બાંધકામની રજાચિઠ્ઠી અને બાંધકામ મંજૂરી મેળવેલ દસ્તાવેજોની પ્રમાણિત નકલ આપશો સંબંધિત બન્ને મિલકતોએ સાઉથઝોનમાંથી લીધેલ દરેક પરવાનગીની પ્રમાણિત નકલ આપશો. આ બાંધકામની પરવાનગી આપનાર અધિકારીનું નામ અને સંપર્ક નંબરની માહિતી આપશો.પ્લોટ નં.૪૧ અને સાંઈ મેડીકલ સ્ટોર્સ ગુરુનગરની પ્લાન પાસની આપશો અને પ્લાનની પ્રમાણિત નકલો આપવા બાબત.

સંદર્ભ :–અરજદાર મજકુરની અપીલ તા.૪–૧–૧૨ ની **SMC/FAP/** નં.૫૪૪/૨૦૧૧–૧૨

શ્રી પંકજભાઈ પાટીલની તા. ૨૦–૦૯–૧૧ની અરજીથી પ્લોટ નં.૪૧–ગુરુનગર અને સાંઈમેડિકલ સ્ટોર ગુરુનગર મેઈન રોડ,સુરતની બાંધકામની રજાચિઠ્ઠી અને બાંધકામ મંજૂરી મેળવેલ દસ્તાવેજોની પ્રમાણિત નકલ આપશો સંબંધિત બન્ને મિલકતોએ સાઉથઝોનમાંથી લીધેલ દરેક પરવાનગીની પ્રમાણિત નકલ આપશો. આ બાંધકામની પરવાનગી આપનાર અધિકારીનું નામ અને સંપર્ક નંબરની માહિતી આપશો. પ્લોટ નં.૪૧ અને સાંઈ મેડીકલ સ્ટોર્સ ગુરુનગરની પ્લાન પાસની આપશો અને પ્લાનની પ્રમાણિત નકલો આપવા બાબતે નિયત સમય અવધિમાં પ્રત્યુત્તર પાઠવેલ ન હોવાનું જણાવી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા. ૪–૧–૧૨ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ,આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ, આપવા જોગ પૂરક માહિતીની વિગતો, વિલંબ / વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા તથા **અપીલના મુદ્દા અંગે પણ તેમનો પક્ષ રજુ કરવા તથા માહિતીની દફતરી વિગતો નકલ સહ સ્પષ્ટ કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૧૪૯૯ તા.૧૬–૧–૧૨ થી** એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (ઉધનાઝોન) તથા અરજદારને અપીલ દરમ્યાન માહિતી મળે તો તે પછી પણ નારાજગી હોય તો આધાર સહ રજૂઆત કરવા પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી કોઈ પૂરક વિગતો અત્રે મળેલ નથી. જયારે અરજદાર તરફથી તા.૩૦–૧–૧૨ નો પત્ર અત્રે મળેલ છે.

અરજદારની તા.૨૦–૯–૧૧ ની અરજીથી ઉપરોકત વિષયમાં નિર્દિષ્ટ બાબત હેઠળની માહિતી માંગતી અરજી જાહેર માહિતી અધિકારી ઉધનાઝોન ખાતે કરવામાં આવેલ. જે બાબતે નિયત સમય અવધિમાં કોઈ પ્રતિભાવ નહીં મળતા અરજદારે તા.૪–૧–૧૨ ના રોજ અપીલ અરજી કરેલ છે. જે બાબતે અત્રેથી પત્ર નં.આરટીઆઈ સેલ/૧૪૯૯ તા.૧૬–૧–૧૨ થી પૂરક માહિતી માંગતો પત્ર પાઠવવામાં આવેલ. પરંતુ જાહેર માહિતી અધિકારી તરફથી તે અંગે કોઈ પૂરક વિગતો પૂરી પડાયેલ નથી. વધુમાં અત્રેના કોમ્પ્યુટર રેકર્ડની ચકાસણી કરતાં અરજદારની સદર અરજી બાબતે સંપૂર્ણ હકારાત્મક નિકાલ તા.૨૫–૧૦–૧૧ ના રોજ વિલંબથી કરવામાં આવેલ છે. પરંતુ અરજદારે તા.૪–૧–૧૨ ના રોજ માહિતી તેમજ પ્રતિભાવ નહીં મળ્યાની રજૂઆત કરી અપીલ અરજી કરેલ છે. વધુમાં તેમની તા. ૩૦–૧–૧૨ ના પત્રથી આપેલ પૂરક વિગતોમાં પણ અરજદારે સદર વિગતે માંગેલ માહિતી બાબતે નિયત સમયગાળામાં કોઈ પ્રતિભાવ નહીં મળવાના કારણે તેમજ નિશ્ચિત સમય અને આરટીઆઈ–૨૦૦૫ ના હિસાબે જાણકારીના અભાવે નિયત સમય ગાળામાં અપીલ નહીં કરેલ શકેલ વિલંબિત અપીલના નિકાલ માટે કાયદામાં કોઈ જોગવાઈ હોય તો માર્ગદર્શન કરી માહિતી પૂરી પાડશો તેવી અપેક્ષાસહ પૂરક વિગતના પત્રમાં જણાવેલ છે. જાહેર માહિતી અધિકારીએ કોમ્પ્યુટર રેકર્ડ આધારીત જોતાં તા.૨૫–૧૦–૧૧ ના રોજ હકારાત્મક નિકાલને ધ્યાને લેતાં અરજદારની અપીલ વિલંબિત ગણી શકાય.

જે અંગે આરટીઆઈ એકટની કલમ ૧૯(૧) હેઠળ મુળ અરજીથી માંગેલ માહિતી દિન–૩૦ની અવધિમાં ન મળે અથવા મળે તો તે અંગેની નારાજગીના કિસ્સામાં પ્રથમ અપીલની જોગવાઈ હોઈ તે મુજબ અપીલનું કારણ ઉત્પન થયે જ અપીલ કરવામાં આવે છે. તે સિવાય વિલંબિત અપીલ ગ્રાહય રાખવાનું અપીલ અધિકારીની વિવેકબુધ્ધિને આધિન ગુણદોષ પર નિર્ભર છે. અરજદારે વિલંબિત અપીલ અંગે આરટીઆઈ કાયદાની કલમ–૧૯(૧) હેઠળ વિલંબના કોઈ કારણ કે વ્યાજબીપણુ રજુ કરેલ છે તેથી પ્રથમ દર્શીય રીતે અપીલ ગ્રાહય રાખી શકાય નહીં તેમ છતાં કાયદાના હાર્દ અને ભાવના તથા આમુખથી ચરીતાર્થ થયેલ જોગવાઈને અનુલક્ષી અપીલ ગ્રાહય રાખવામાં આવેલ છે.

અરજદારની પ્રથમ અપીલ તા.૦૪–૧–૧૨ ધ્યાને લેતાં ૩–૨–૧૨ સુધીમાં અને વિલંબીત કારણ સહિત ૧૭–૨–૧૨ સુધીમાં કાયદાની કલમ–૧૯(૬) હેઠળ પ્રથમ અપીલનો નિકાલ કરવાનો રહે. પરંતુ અપીલ હેઠળના અરજદારની પ્રથમ અપીલ બાદ અત્રેની કક્ષાએ જાન્યુ. અને ફેબ્રુ. ૨૦૧૨ દરમ્યાન ૧૧૪ જેટલી પ્રથમ અપીલ અત્રેની કચેરીને મળેલ છે. જયારે આજ સમયગાળા દરમ્યાન બીજી અપીલમાં નામદાર માહિતી આયોગ ધ્વારા ૧૧૩ બાબતો માટે પૂર્તતા અહેવાલ મંગાવવામાં આવેલ તેમજ જે પૂર્તતા અહેવાલ અત્રેની કક્ષાએથી નામદાર આયોગને મોકલવામાં આવેલ છે. જયારે આજ સમયગાળા દરમ્યાન નામદાર આયોગ તરફથી લોક અદાલતનો નવતર પ્રયોગ હાથ ધરેલ. જેમાં અત્રેના સત્તા મંડળની ૭૩ ની બાબતોનું પત્રક આપવામાં આવેલ. તે અંગેના પણ પૂર્તતા અહેવાલ અને આ કાર્યક્રમની પૂર્વ તૈયારીના ભાગરૂપે વધવા પામેલ કાર્ય ભારણના લીધે પ્રસ્તુત અપીલ તથા તેની આસ પાસના સમયગાળામાં આવેલ અપીલનો સમય અવધિમાં નિકાલ કરી શકાયેલ નથી.

**હુકમ**

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૨૦–૦૯–૧૧ થી માંગવામાં આવેલ માહિતી જાહેર માહિતી અધિકારી તરફથી કોમ્પ્યુટર રેકર્ડ પર જોતાં તા.૨૫–૧૦–૧૧ ના રોજ નિકાલ કરવામાં આવેલ હોય પરંતુ અરજદારને તે માહિતી મળેલ ન હોવાનું જણાવી કરેલ વિલંબિત અપીલ ધ્યાને લેતાં અરજદારને તે માહિતી કલમ–૭(૬) હેઠળ વિના મૂલ્યે દિન–૭ માં અત્રેની જાણ હેઠળ પુનઃ પૂરી પાડવા એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી ઉધનાઝોનને જણાવવામાં આવે છે.

(પી.જે.ઝાલા)
ડે.કમિશ્નર (સ્પે.)
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૩–૧૨

પ્રતિ,
(૧) એડી.સીટી ઈજનેર જાહેર માહિતી અધિકારી (ઉધનાઝોન) ...જાણ તથા અમલ માટે
(૨) શ્રી પંકજભાઈ પાટીલ,